# રેગયુલર દિવાની દરખાસ્ત નંબર :-૦૪/૨૦૨૫

## -::આંક:-૮ તળે હુકમ::-

૧) હાલ ની દરખાસ્ત ડીક્રી હોલ્ડર દ્વારા સ્મોલ કોઝ કોર્ટમાં સ્મોલ સમરી દાવા નં:૭૨-૨૦૨૩ ના કામે ડીક્રીહોલ્ડર ની તરફેણમાં જે હુકમ થયેલ છે તેની અમલવારી માટે હાલ ની અરજ દાખલ કરવામાં આવેલ છે.

૨) આ દરખાસ્ત દાખલ થતા આ કામના જજમેન્ટ ડેબટર ને નોટીસ કાઢવામાં આવેલ અને તેઓ તેમના વકીલ શ્રી સાથે હાજર થયેલા અને કોઈ યોગ્ય જવાબ રજુ કરેલ ન હતો કે પેસા પણ ભરપાઈ કરતા નહતા અને ત્યાર બાદ તેમના વકીલશ્રી છુટા થઇ ગયેલા અને જજ મેન્ટ ડેબટર પાસે વકીલ રોકવાના નાણા ના હોય તેમને તાલકુા લિગલ સર્વિસ ઓથોરીટી માથી વકીલ ની ફાળવણી કરવામાં આવેલ હતી.

૩) આ કામે ડીક્રી હોલ્ડર આંક:-૮ થી હાલ ની અરજ દાખલ કરેલ છે અને તેમા નીચે મુજબ ની દાદ માંગેલ છે:-

" સબબ આપ નામદાર કોર્ટ ને અમો વાદી ની નમ્ર અરજ છે કે આ કાના પ્રતિવાદી ની સદર કામે રજુ થયેલ સ્થાવર મીલકત તરીકે ખેતી ની જમીન ની ૭*૧૨ ની નકલ રજુ કરવામાં આવેલ છે જેમા તેમનો ચાલી આવેલ કાયદેસર નો ૧/૩ વાળા હિસ્સો અમો વાદી ની લેણી રકમ બાબતેનો કાયદેસર નો બોજો નાખી આપે યા તો

આપ નામદા કોર્ટ ને સતા હોય આ કામના પ્રતિવાદી સામે પકડ વોરંટ જારી કરી જયા સુધી અમો વાદી ને રકમ નહિ ચુકવી આપે ત્યા સુધી દિવાની કસ્ટડીમાં રાખવામાં આવે એવો હુકમ કરી આપવા અમો વાદી ની આપનામદાર કોર્ટ ને નમ્ર અરજ છે.

૪) આ કામે સદરહુ અરજ નો જવાબ આપવા માટે જજમેન્ટ ડેબટર ને ઘણો સમય આપવામાં આવેલ હતો પરંતુ કોઈ જવાબ આપેલ નથી. આ કામે તાલુકા લિગલ સર્વિસ ઓથોરીટી ના વિ.વ.શ્રી ની રજૂઆત ધ્યાને લીધે છે. આ કામે ડીક્રી હોલ્ડર ના વકિલ શ્રી ની રજુઆત ધ્યાને લીધેલ છે.

૫) આ કામે જજમેન્ટડેબટર ની રજુઆત ધ્યાને લીધેલ છે. તે દરેક મુદતે હાજર રહેલા છે અને હાલ તેમનુ અકસ્માત થયેલ હોય કોઈ કામ ધંધો નથી કરતા. આ કામે સદરહુ જજમેન્ટ ડેબટર ને દિવાની જેલમાં મુકવામાં આવશે તો પણ આ કામે તેમની પાસે થી નાણા ની વસુલી થી શકે તેમનથી. વધુમાં નામદાર સુપ્રીમ કોર્ટ ની ગાઈડલાઈન મુજબ દરખાસ્ત ૬ મહીના મા પુર્ણ કરવાનો આદેશ આપવામાં આવેલ છે ત્યારે હાલ ની દરખાસ્ત ને દાખલ થયા તેને ૬ મહીના થી વધૂ સમય થઇ ગયેલ છે અને આ કામના જજમેન્ટ ડેબટર ને આશરે ૬ મહીના થી વધુ સમય આપવામાં આવેલ છે તેમ છતા આ કામના જજમેન્ટ ડેબટર દ્વારા એક પણ રૂપિયો આજ દિન સુધી ચુકવણી કરવામાં આવેલ નથી ત્યારે આ કામે જજમેન્ટ ડેબટર ને હુકમનામા નુ પલાન નથી કરવુ તેવુ નથી તે કોર્ટ માં મુદતે હાજર રહે છે પરંતુ

તેમની પાસે ચુકવા માટે નાણા નથી. જે થી તેમને જેલમાં મુકી શકાય તેમ પણ નથી કારણ કે જેલમાં મુકવા થી કોઈ નાણા ની વસુલાત થઈ શકે તેમ નથી. વધૂમાં જે સ્થાોવર મિલકત છે તેમાં અન્ય બે ઈસમો માલીક તરીકે ચાલી આવેલા છે હાલ તે જગ્યા નુ પાર્ટિશન પણ થયેલ નથી જે થી તેને વેચાણ પણ થઈ શકે તેમ નથી. જે થી આ કામે જજમેન્ટ ડેબટર ની સ્થવાર મીલકત આવેલ છે તેમા બોજો પડાવી આપવા થી ડીક્રી હોલ્ડર નુ હિત અને ન્યાય ની નેમ જળવાય રહે તેમ છે. જે થી આ તબકકે નીચે મુજબ નો હુકમ કરવામાં આવે છે..

## -::હુકમ::-

૧) હાલ ની આંક-૦૮ વાળી અરજ **"અંશત મંજુર"** કરવામાં આવે છે.

૨) આ કામે જજમેન્ટ ડેબટર ને દિવાની કેદ માં મુકવા પુરતી દાદ ના મંજુર કરવામાં આવે છે.

૩) આ કામે જજમેન્ટ ડેબટર:- **નિમેષભાઈ ઠાકોરભાઈ પટેલ** ના ઓ મોજે વાંકાનેર તાલુકો બારડોલી જિલ્લો સુરત ના બ્લોક/ સર્વે નં:-૧૧૫૭ વાળી જગ્યમાં **નિમેષભાઈ**

**ઠાકોરભાઈ પટેલ** ના ભાઈ વાળી જગ્યા માં મે. સ્મોલ કોઝ કોર્ટ દ્વારા સ્મોલ સમરી સ્યુટ નં:-૭૨/૨૦૨૩ ના કામે જે હુકમ નામુ થયેલ છે તેમુજબ નો બોજો દાખલ કરવાનો હુકમ કરવામાં આવે છે.

૪) આ કામે રેવન્યુ ઓથોરીટી ને હુકમ કરવામાં આવે છે કે સદરહુ હુકમની નકલ મળ્યે થી આ **નિમેષભાઈ ઠાકોરભાઈ પટેલ** ના ઓ મોજે વાંકાનેર તાલુકો બારડોલી જિલ્લો સુરત ના બ્લોક/ સર્વે નં:-૧૧૫૭ વાળી જગ્યમાં **નિમેષભાઈ ઠાકોરભાઈ પટેલ ના હકક હિત હિસ્સા પુરતો બોજો દાખલ કરી ને અગે ની કોર્ટમાં રીપોર્ટ કરવો.**

૫) આ કામે સંબધીત કલર્ક ને હુકમ કરવામાં આવે છે હુકમ ની એક નકલ સંબધીત રેવન્યુ ઓથોરીટ ને મોકલી આપવી.

૬. આ કામે ડીક્રી હોલ્ડર દ્વારા જજમેન્ટ ડેબટર ને દિવાની કેદમાં બેસાડવા માટે ૯૦૦૦–૦૦ જે ભરેલા છે તે ડીક્રી હોલ્ડર ને પરત કરવાનો હુકમ કરવામાં આવે છે.

**હુકમ આજ રોજ ખુલ્લી અદાલતમાં વાચી સંભળાવી જાહેર કર્યો.**

સ્થળ:– બારડોલી **( મોહિતકુમાર કિર્તીકુમાર શાહ)**

તારીખ:૦૬–૦૩–૨૦૨૬ પ્રિન્સીપાલ સીનીયર સીવીલ જજ

અને

એડી ચીફ જયુડીશીયલ મેજિસ્ટ્રેટ–બારડોલી

**UID:-GJ01208**